# BUSINESS મિત્ર

# શેરબજારમાં સતત 5મા દિવસે મંદી

**નિફ્ટીએ** 24300ની સપાટી તોડી, રોકાણકારોના ₹87,000 કરોડ ધોવાયા




**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 17:** વૈશ્વિક અનિશ્ચિતતાનો માહોલ અને ક્રુડ ઓઇલના ઉંચા ભાવના કારણે આજે સપ્તાહની શરૂઆત ભારતીય શેરબજારમાં લાલ નિશાનથી થઇ હતી. સતત પાંચમા દિવસે સેન્સેક્સ અને નિફ્ટી ઘટાડા સાથે બંધ રહ્યા હતા. આજે નિફ્ટીએ 24300 પોઇન્ટની સપાટી તોડી હતી. જ્યારે રોકાણકારોના વધુ રૂપિયા 87000 કરોડ સ્વાહા થઇ ગયા છે.

શેરબજારમાં લાર્જકેપની સાથે સાથે બ્રોડર માર્કેટના પસંદગીના શેરોમાં પણ નરમાઇ જોવા મળી હતી. જોકે, પાછળથી રીકવરી આવી હતી. સેકટર વાઇઝ જોઇએ તો આઇટી અને એફએમસીજી સેકટરે બજારને ઘટાડવામાં દબાણ કર્યુ હતું. જ્યાર મેટલ શેરોમાં રીકવરીથી દબાણ ઘટ્યું હતું, પણ બજારને પોઝિટિવ લાવવામાં સફળ થયા નહતા. નિફ્ટી મેટલ ઇન્ડેક્સ એક ટકાનો સુધારો જોવાયો હતો. જ્યારે નિફ્ટી આઇટી ઇન્ડેક્સ દોઢ ટકો અને નિફ્ટી એફએમસીજી ઇન્ડેક્સ એક ટકા ઘટ્યા હતા. આજે પણ શેરબજાર કંપનીઓની કમાણીને મુલ્યાંકન કર્યુ હતું અને સેકટર તથા સ્ટોક સ્પેશિફિક ફોકસ કરતા જોવા મળ્યા હતા. રોકાણકારો ચોમાસાની પ્રગતિ પર પણ નજર રાખી હતી, જે આર્થિક દ્રષ્ટિકોણ માટેનું એક મહત્વપુર્ણ પરિબળ છે.

બીએસઇ સેન્સેક્સ 281.09 પોઇન્ટ એટલે કે 0.36 ટકા ઘટીને 77728.16 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 77928 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 77453 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટીએ 24300 પોઇન્ટની સપાટી તોડી હતી. આજે નિફ્ટી 78.35 પોઇન્ટ એટલે કે 0.32 ટકા ઘટીને 24287.65 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 24360 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24226 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 6.70 પોઇન્ટ સુધરીને 57497.80 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે લેન્સકાર્ટ સોલ્યુશન્સમાં 15.35 ગણા, ફીઝીક્સવાલામાં 8.03 ગણા, લીલા પેલેસ હોટલમાં 6.8 ગણા, વોલ્ટાસ લિ.માં 5.48 ગણા, ઇપ્કા લેબમાં 5.1 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે ફીઝીક્સવાલામાં 16.2 ગણા, ઇપ્કા લેબમાં 15.39 ગણા, પીટીસી ઇન્ડ.માં 11.25 ગણા, મોતીલાલ ઓસવાલમાં 6.07 ગણા અને સ્કેન્ડેર ઇલે. ઇન્ફ્રામાં 5.97 ગણા કામકાજ નોંધાયા છે. બ્રોડર માર્કેટમાં પોઝિટિવ વલણ જોવાયું હતું, પણ સ્ટોકમાં ફેરબદલ રહી હતી, જે છેલ્લા કેટલાક સેશનથી ઉછળી રહ્યા હતા, તેમાં નફાવસુલી રહી હતી અને નવા સેકટરના શેરો ઉછળ્યા હતા. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.18 ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સ 0.06 ટકા વધ્યો હતો. જોકે, માર્કેટ બ્રેડથ નબળું રહ્યું હતું. બીએસઇ ખાતે 2094 શેરો વધ્યા હતા, જ્યારે 2348 શેરો ઘટ્યા હતા, જ્યારે 238 શેરો યથાવત રહ્યા હતા. નિફ્ટી આઇટી ઇન્ડેક્સ 1.75 ટકા ઘટ્યો હતો. જેમાં એચસીએલ ટેકનો, ઇન્ફોસીસ, ટીસીએસ, ટેક મહિન્દ્રા, એમફાસીસ, વિપ્રો, કોફોર્જ, ઓરેકલ ફાઇનાન્સીયલ સર્વિસીસ, એલટીએમ અને પરસીસ્ટન્ટ સીસ્ટમ ઘટયા હતા. વૈશ્વિક સ્તરે મોટા ભાગના યુરોપિયન બજારો પોઝિટિવ ચાલ દર્શાવી રહ્યા છે. જ્યારે એશિયન બજારોમાં સુધારાની ચાલ રહી હતી. નરમ યુએસ આર્થિક ડેટા અને નજીકના ગાળામાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારાની અપેક્ષા ઘટી જવાના કાણે એશિયન બજારોમાં સુધારો જોવાયો હતો. બીજી તરફ, ઇરાન-અમેરિકા વચ્ચેના શાંતિ કરારની વાટાઘાટોની પ્રગતિ અટકી ગઇ હોવાથી ક્રુડ ઓઇલના ભાવ ઉછળ્યા હતા અને ફરીથી 90 ડોલરની નજીક સરકતો જોવાયો હતો. યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.13 ટકા અને ડેક્સ 0.08 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. જ્યારે કેક 0.10 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.72 ટકા, સ્ટ્રિટસ 0.43 ટકા, હેંગસેંગ 1.37 ટકા, તાઇવાન 0.10 ટકા અને શાંઘાઇ 1.39 ટકા વધ્યા હતા.

## રૂપિયામાં નરમાઇ, 17 પૈસા ઘટ્યો

ક્રુડ ઓઇલના ભાવમાં ઉછાળો આગળ વધતા રૂપિયો વધુ નરમ થયો હતો. આજે ડોલરની સામે રૂપિયો 17 પૈસા ઘટીને 95.61ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.44ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 111.16, પાઉન્ડ 129.18, કેનેડિયન ડોલર 68.77, ઓસ્ટ્રેલિયન ડોલર 67.87 અને જાપાનીઝ યેન 0.6003 અને સીંગાપોર ડોલર 74.68ના સ્તરે બંધ રહ્યા હતા.

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 95.33 રૂ. |
| યુરો | 109.57 રૂ. |
| પાઉન્ડ | 128.82 રૂ. |
| યેન | 0.5994 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -281.09 | 77728.16 |
| નિફ્ટી | -78.35 | 24287.65 |
| બેન્ક નિફ્ટી | 6.70 | 57597.80 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| હિન્દાલ્કો | 1.98 | 1049.90 |
| ટાટા સ્ટીલ | 1.36 | 186.00 |
| એચડીએફસી લાઇફ | 1.33 | 543.00 |
| ઓએનજીસી | 0.88 | 238.49 |
| એક્સીસ બેન્ક | 0.81 | 1227.30 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચસીએલ ટેકનો | 2.57 | 1325.00 |
| ઇન્ફોસીસ | 2.51 | 1139.90 |
| સન ફાર્મા | 2.49 | 1882.00 |
| ટીસીએસ | 2.02 | 2313.20 |
| નેસલે ઇન્ડિયા | 1.94 | 1470.00 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાટા સ્ટીલ | 1.47 | 186.10 |
| એક્સીસ બેન્ક | 1.03 | 1230.00 |
| રિલાયન્સ ઇન્ડ. | 0.80 | 1318.40 |
| બીઇએલ | 0.49 | 412.40 |
| એચડીએફસી બેન્ક | 0.36 | 730.00 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ફોસીસ | 2.66 | 1138.00 |
| એચસીએલ ટેકનો | 2.53 | 1325.60 |
| સન ફાર્મા | 2.20 | 1882.50 |
| ટીસીએસ | 1.87 | 2315.00 |
| ટેક મહિન્દ્રા | 1.77 | 1605.80 |

# રસોડાનું બજેટ ખોરવાયું, ખાંડ 50ને પાર

**ખાદ્યતેલ**, અનાજ, ખાંડ, શાકભાજી કઠોળ વગેરેના ભાવો વધી રહ્યા છે

નવી દિલ્હી, તા. 17: સામાન્ય જનતાને મોંઘવારી નડવાનું શરૂ થઇ ગયું છે. તમામ ખાદ્ય ચીજવસ્તુઓના ભાવ આસમાને પહોંચી ગયા હોવાથી રસોડાનું બજેટ વિખેરાઇ ગયું છે. ખાંડ પણ કડવી બની ગઇ છે. ઘણા શહેરોમાં રૂ. 50ને વટાવી ગઇ છે. આ ભારત સરકારના ગ્રાહક બાબતોના મંત્રાલયનો ડેટા છે.

ઓલ ઇન્ડિયા ડેઇલી એવરેજ રિટેલ પ્રાઇસ ડેટા અનુસાર છેલ્લા એક વર્ષમાં ખાંડ, ડુંગળી અને ખાદ્ય તેલના ભામાં વધારો થયો છે, જ્યારે ટામેટા અને બટાટા નોંધપાત્ર રીતે સસ્તા થયા છે. કઠોળ પણ રાહત અને ભાવ વધારા બંનેનું મિશ્રણ અનુભવી રહ્યા છે.

ગ્રાહક બાબતોના મંત્રાલયની વેબસાઇટ પરના ડેટા અનુસાર ખાંડનો સરેરાશ છુટક ભાવ પ્રતિ કિલો રૂ. 51.51 પર પહોંચી ગયો છે. એક વર્ષ પહેલા, તે રૂ. 46.38 હતો. આનો અર્થ એ છે કે ખાંડ વાર્ષિક ધોરણે 11.06 ટકા મોંઘી થઇ ગઇ છે.

16 ઓગસ્ટના રોજ અખિલ ભારતીય સરેરાશ છુટક ભાવ રૂ. 35.85 પ્રતિ કિલો છે. એક વર્ષ પહેલા તે રૂ. 28.09 હતો. આમ, ડુંગળીમાં વાર્ષિક ધોરણે 27.63 ટકાનો વધારો થયો છે. જોકે, શહેરોમાં ભાવફેર જોવાયો છે. એકબાજું ડુંગળી મોંઘી થઇ છે, ત્યારે ટામેટાએ રાહત આપી છે. સમગ્ર ભારતમાં સરેરાશ છુટક ભાવ રૂ. 36.91 હતો, તે એક વર્ષ પહેલા 54.43 પ્રતિ કિલો રહ્યો છે. આમ, ટામેટાની જગ્યા ડુંગળીએ લઇ લીધી છે. આવી જ રીતે બટાટામાં વાર્ષિક ધોરણે 15.44 ટકાનો ભાવ ઘટાડો થયો છે.

ખાદ્યતેલોમાં સુર્યમુખી તેલમાં સૌથી વધુ ઉછાળો જોવાયો છે, જેમાં 18.44 ટકાનો વધારો થયો છે. ત્યારબાદ પામતેલમાં 14.02 ટકા, સોયાબીન તેલ 11.92 ટકા અને મગફળીનું તેલ 10.06 ટકા મોંઘું થયું છે. સરસવનું તેલ પણ 4.56 ટકા વધ્યું છે.

જ્યારે કઠોળનું ચિત્ર સંતુલિત રહ્યું છે. તુવેર દાળમાં 3.97 ટકા, અળદની દાળ 6.60 ટકા મોંઘી થઇ છે. જ્યારે ચણાની દાળ 2 ટકા, મગની દાળ 0.38 ટકા અને મસુરની દાળ 1.15 ટકા સસ્તી થઇ છે.

## ભારતમાંથી ઇલેકટ્રીક કારની નિકાસ 18 ગણી વધી

નવી દિલ્હી, તા. 17: નાણાકીય વર્ષ 2026-27ના પ્રથમ કવાર્ટરમાં ભારતમાંથી ઇલેકટ્રીક કારની નિકાસ 18 ગણી વધીને 369 મિલિયન ડોલર એટલે કે આશરે રૂ. 353 કરોડ થઇ છે. એક વર્ષ પહેલા આજ સમયગાળામાં માત્ર 2.22 મિલિયન ડોલર હતું. યુરોપિયન દેશોમાં ભારતીય ઇ-કારના સૌથી મોટા બજાર તરીકે ઉભરી આવ્યું છે. સ્પેન 4000 વાહનો સાથે સૌથી મોટો ખરીદદાર દેશ રહ્યો હતો, જ્યારે 2646 ઇ-વાહનો યુકેને વેચવામાં આવ્યા હતા. વાણિજ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર પ્રથમ કવાર્ટરમાં કુલ 10802 ઇલે. કારની વિદેશમાં નિકાસ કરવામાં આવી હતી, જે એક વર્ષ પહેલા માત્ર 1309 વાહનોની નિકાસ થઇ હતી.

## ઝેગલ પ્રીપેઇડમાં ૨૦%નો કડાકો: શેર IPO ભાવની નીચે

મુંબઇ, તા. 17: ઝેગલ પ્રીપેઇડ ઓશન સર્વિસીસ લિ.ના શેરોએ રોકાણકારોને જોરદાર આંચકો આપ્યો છે. લગભગ 3 વર્ષ પહેલા લિસ્ટેડ થયેલી કંપનીના શેરનો ભાવ આઇપીઓ ભાવથી નીચે સરકી ગયો છે. જેનું મુખ્ય કારણ કંપનીના જુન કવાર્ટરના નબળા પરિણામો છે. આ પરિણામોના લીધે કંપનીના શેરમાં 20 ટકાની લોઅર સર્કિટ વાગી હતી અને રૂ.160.45નો ભાવ બોલાયો હતો. કંપનીના આઇપીઓની પ્રાઇઝ રૂ. 164ની હતી. જુન 2026 કવાર્ટરમાં ઝેગલ પ્રીપેઇડની આવક વાર્ષિક ધોરણે 27.5 ટકા વધીને રૂ. 423 કરોડ થઇ છે, પરંતુ આ સમયગાળામાં ચોખ્ખો નફો 33 ટકા ઘટીને રૂ. 17.5 કરોડ થયો છે.

# બીએસએનએલ 4જીના નવા બે લાખ ટાવર લગાવશે

**કંપની** પોતાની જમીન અને અન્ય સંપત્તિ વેચીને નાણાકીય સ્ત્રોત ઉભો કરશે

નવી દિલ્હી, તા. 17

સરકારી ટેલિકોમ કંપની બીએસએનએલ આગામી પાંચ વર્ષમાં રૂ. 77000 કરોડના મોટા રોકાણની યોજના બનાવી રહી છે. કંપની તેની જમીન અને અન્ય સંપત્તિ વેચીને આ રકમનો મોટો ભાગ એકત્ર કરવા માગે છે. સરકારને ચાલુ અને આગામી નાણાકીય વર્ષમાં એસેટ મોનેટાઇઝેશનથી સારી રકમની અપેક્ષા છે, જે 4જી અને 5જી નેટવર્કના વિસ્તરણને વેગ આપશે.

ડીઓટીની યોજના હેઠળ બીએસએનએલ 2 લાખ નવા 4જી ટાવર લગાવશે. આ સિવાય નેટવર્કને મજબૂત કરવામાં આવશે. 5જી સેવાઓ ઉચ્ચ ટ્રાફિક અને વ્યૂહાત્મક ક્ષેત્રોમાં વિસ્તારશે. હાલમાં કંપની પાસે 1.25 લાખથી વધુ ટેલિકોમ ટાવર છે. જેમાં વધારો કરવામાં આવશે. બીએસએનએલે ચાલુ નાણાકીય વર્ષમાં જમીન અને સંપત્તિ વેચીને 8000 કરોડ રૂપિયા એકત્ર કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે. જેનું કેપેક્સમાં રોકાણ કરાશે. ખરીદદારોએ બીએસએનએલ ફલેટસ અને મુંબઇની મુખ્ય મિલકત સહિતની ઘણી મિલકતોમાં રસ દાખવ્યો છે. તે જ સમયે એમટીએનએલ પાસે દિલ્હી અને મુંબઇમાં ઘણી કિંમતી સંપત્તિ છે.

સરકારનું માનવું છે કે, આ રોકાણ દ્વારા કંપની 2029 સુધીમાં ઓપરેશનલ બ્રેક ઇવન પર પહોંચી જવાની સંભાવના છે, તેની સાથે કંપનીનું દેશભરમાં કવરેજ 98 ટકા પર પહોંચી જશે.

ટ્રાઇના ડેટા અનુસાર જુન કવાર્ટરના અંત સુધીમાં બીએસએનએલના મોબાઇલ ગ્રાહકોની સંખ્યા વધીને 9.3 કરોડ થઇ ગઇ છે. અગાઉના કવાર્ટરમાં તે 9.29 કરોડ સબસ્ક્રાઇબર હતા, જે એક વર્ષ પહેલા 9.05 કરોડ હતા. જુન કવાર્ટરમાં કંપનીએ રૂ. 1280 કરોડની ખોટ કરી છે, જે ગત વર્ષની સરખામણીએ વધુ છે, પણ ગત કવાર્ટરની સરખામણીએ ઓછી છે. જ્યારે કંપનીની આવક 4.2 ટકા વધી છે અને મોબાઇલ બિઝનેસ 12 ટકા વધ્યો છે.

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| પ્રફુલ/સાલાસર/કેપલોન | રૂા. | ૭૫/૩૬ '' | ૧૩૩.૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૫ | ૫૦/૩૬ '' | ૧૪૭ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૬૦ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૫૯ | ગાર્ડન | |
| લોકલ | | RIL રિલાયન્સ | | ૪૯/૨૪ એફડીવાય | ૧૪૧.૨૫ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૫૪ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૮ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૬ |
| ૬૮/૩૬ | ૧૫૧ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૫૫.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૪૯ | ૧૦૦ ટેક્ષ | ૧૪૭ | ૬૮ ક્રિમ્પ | ૧૫૨ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૭ | વેલનોન (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૪૭.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૪૮ | ૮૦/૭૨ રોટો | ૧૫૪.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૪૮.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૬૦ | ૮૦ ક્રિમ્પ | ૧૪૮ |
| ૮૦/૭૨ રોટો. | ૧૫૩ | ૧૬૦ ડીસ્કેટ | ૧૬૦ | ૮૦/૭૨ રોટો | ૧૫.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૫૪ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૪૬ | ૮૦/૧૦૮ '' | ૧૫૩ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૫૨ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફલાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૮૫૦૦ |
| તેજાબી સોનું | ૧૫૮૪૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૫૦૫૭૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૫૩૩૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૮૫૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૪૧૫૦૦ |
| ચાંદી સિક્કા | ૨૪૩૦૦૦ |

**જથ્થાબંધ ખાંડબજાર** પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૫૨૦૦ |
| એમ-30 | ૫૨૦૦ |
| એસ-30 | ૫૧૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૫૧૦૦ |
| એસ-30 | ૫૦૦૦ |

# ટાટા સન્સના નવા ચેરમેનની પસંદગી નોએલ ટાટાની મરજી મુજબ જ થશે



ટાટા સન્સના ચેરમેન બનવા માટે અને ટકી રહેવા માટે તમારાં નામ પાછળ ટાટા સરનેમ હોવી જરૂરી છે. એન. ચંદ્રશેખરન પાસે ટાટા સરનેમ નહોતી, માટે તેમને કમને રાજીનામું આપવાનો નિર્ણય લેવો પડ્યો છે. ચંદ્રશેખરનનાં અચાનક રાજીનામાંનાં મુખ્ય કારણોમાં ટાટા સન્સના બોર્ડમાં તેમના એક્સટેન્શન અંગે સર્વસંમતિનો અભાવ અને ટાટા ટ્રસ્ટના ચેરમેન નોએલ ટાટા સાથેના વ્યૂહાત્મક મતભેદો સામેલ છે. નોએલ ટાટા ચંદ્રશેખરનના પક્ષમાં નહોતા. ઓક્ટોબર ૨૦૨૪ માં રતન ટાટાના મૃત્યુ પછી ટાટા ટ્રસ્ટની બાગડોર સંભાળનારા નોએલ ટાટા ચંદ્રશેખરનની નીતિઓ અને તેમના કેટલાક નિર્ણયોનો વિરોધ કરતા હતા. નોએલ ટાટાએ એર ઇન્ડિયાનું સંપાદન, ભારે રોકાણો, દેવાં અને સેમિકન્ડક્ટર ફેબ્સ, EV બેટરી અને ટાટા ન્યૂ જેવા નવા વ્યવસાયોમાં થયેલા નુકસાન અંગે ચિંતા વ્યક્ત કરી હતી. નોએલ ટાટા ચંદ્રશેખરનને સામાન્ય પાંચ વર્ષની જગ્યાએ બે વર્ષનો કાર્યકાળ આપવાનું પસંદ કરતા હતા, કારણ કે ટાટા ગ્રુપમાં એક્ઝિક્યુટિવ હોદ્દાઓ માટે નિવૃત્તિ વય ૬૫ વર્ષ છે. જોકે, બોર્ડની મંજૂરીથી આ વય મર્યાદા વધારી શકાય છે. નોએલ ટાટા ઇચ્છતા હતા કે ચંદ્રશેખરન લેખિત ગેરંટી આપે કે ટાટા સન્સ ક્યારેય સ્ટોક એક્સચેન્જમાં લિસ્ટ થશે નહીં. ચંદ્રશેખરન માનતા હતા કે RBIના નિયમોને કારણે આ નિર્ણય તેમના નિયંત્રણની બહાર છે, તેથી તેઓ આવું વચન આપી શકતા નથી.

નોએલ ટાટા ચાહે તો પણ સીધા ટાટા સન્સના ચેરમેન બની શકતા નથી. ટાટા સન્સના બોર્ડે ફેબ્રુઆરી ૨૦૨૨ માં એક ખાસ ઠરાવ પસાર કર્યો હતો, જેમાં સ્પષ્ટપણે આદેશ આપવામાં આવ્યો હતો કે બંને પેઢીનું નેતૃત્વ અલગ અલગ વ્યક્તિઓ દ્વારા કરવામાં આવે, જેથી હિતોના સંઘર્ષને ટાળી શકાય અને કોર્પોરેટ ગવર્નન્સમાં સુધારો થાય. નોએલ ટાટા ટાટા ટ્રસ્ટના ચેરમેન છે, તેથી તેઓ ટાટા સન્સના ચેરમેન તરીકેનું પદ સંભાળી શકતા નથી. આ પદ સંભાળનારા છેલ્લા વ્યક્તિ રતન ટાટા હતા, જેમણે ૨૦૧૨ સુધી ટાટા સન્સ અને ટાટા ટ્રસ્ટ બંનેના ચેરમેન તરીકે સેવાઓ આપી હતી. રતન ટાટાએ ૨૦૧૨ માં ટાટા સન્સના ચેરમેન પદેથી રાજીનામું આપ્યું હતું અને સાયરસ મિસ્ત્રીને ટાટા સન્સના ચેરમેન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

નટરાજન ચંદ્રશેખરન ૧૯૮૭ માં ટાટા ગ્રુપમાં જોડાયા હતા અને બાદમાં ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસના સીઇઓ અને એમડી બન્યા હતા. ત્યારબાદ તેમણે ૨૦૧૭ માં ટાટા સન્સના એક્ઝિક્યુટિવ ચેરમેનનું પદ સંભાળ્યું હતું. ચંદ્રશેખરને ટાટા ગ્રુપમાં ટેક્નોલોજી, એરલાઇન્સ, ઇલેક્ટ્રોનિક્સ, સેમિકન્ડક્ટર્સ અને અન્ય નવા વ્યવસાયોમાં વ્યાપકપણે કામ કર્યું છે. ટાટા સન્સના ચેરમેન તરીકે તેમની કમાણીનો મોટો ભાગ ફક્ત તેમના પગારમાંથી જ નહીં, પરંતુ કંપનીના નફા અને કમિશનમાંથી પણ આવે છે. નાણાંકીય વર્ષ ૨૦૨૬ માં તેમને ટાટા સન્સ તરફથી કુલ ૧૫૮.૬૬ કરોડ રૂપિયાનું મહેનતાણું મળ્યું હતું. વર્ષના ૩૬૫ દિવસોમાં વિભાજીત કરીએ તો આ રકમ લગભગ ૪૩.૪૭ લાખ રૂપિયા પ્રતિ દિવસ થાય છે. ચંદ્રશેખરનના પગારની સૌથી નોંધપાત્ર વિશેષતા એ છે કે નફા-સંબંધિત કમિશન તેમના પગારનો ઘણો મોટો ભાગ બનાવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૬ માં તેમને પગાર અને લાભોમાં ફક્ત ૧૭.૯૭ કરોડ રૂપિયા જ મળ્યા હતા, જ્યારે કમિશન ૧૪૦.૬૯ કરોડ રૂપિયા હતું. તેમનાં મહેનતાણાંના ૮૯ ટકા કમિશનમાંથી આવ્યા હતા.

ચંદ્રશેખરનનાં રાજીનામાંથી છેલ્લા છ મહિનાથી ચાલી રહેલો વિવાદ પ્રકાશમાં આવ્યો છે. બરાબર એક દાયકા પહેલાં જ્યારે સાયરસ મિસ્ત્રીને ૨૦૧૬ માં ટાટા ગ્રુપમાંથી અચાનક દૂર કરવામાં આવ્યા હતા ત્યારે આવો જ વિવાદ ફાટી નીકળ્યો હતો. ફરક માત્ર એટલો છે કે ચંદ્રશેખરનને બોર્ડમાંથી દૂર કરવામાં આવ્યા નથી, પરંતુ તેમણે પોતે પદ છોડવાનો નિર્ણય લીધો છે. ડિસેમ્બર ૨૦૧૨ માં ટાટા સન્સનું ચેરમેન પદ છોડ્યા બાદ રતન ટાટાએ સાયરસ મિસ્ત્રીને તેમના સ્થાને પસંદ કર્યા હતા. સાયરસ મિસ્ત્રી ટાટા ગ્રુપની બહારથી આવ્યા હતા અને ટાટા સન્સના હિસ્સેદાર પાલોનજી મિસ્ત્રી પરિવાર સાથે તેમના ગાઢ સંબંધો હતા. જોકે, થોડાં વર્ષોમાં સાયરસ મિસ્ત્રી અને ટાટા ગ્રુપના નેતૃત્વ વચ્ચે વ્યૂહાત્મક મતભેદો વધવા લાગ્યા હતા. ધીમે ધીમે આ સંઘર્ષ એ હદ સુધી વધ્યો કે ટાટા ગ્રુપના નેતૃત્વમાં ફેરફાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. ટાટા સન્સ બોર્ડે સાયરસ મિસ્ત્રીને ચેરમેન પદેથી દૂર કર્યા અને રતન ટાટાને વચગાળાના ચેરમેન તરીકે નિયુક્ત કર્યા. દેશના સૌથી મોટા ઉદ્યોગ સમૂહના આ અચાનક નિર્ણયથી કોર્પોરેટ જગત હચમચી ગયું હતું, કારણ કે સાયરસ મિસ્ત્રીને ચેરમેનના પદ પરથી દૂર કરવામાં આવ્યા તે ખૂબ જ નાટકીય હતું. સાયરસ મિસ્ત્રીને હટાવવાનું મુખ્ય કારણ વિશ્વાસનો અભાવ હતો. સાયરસ મિસ્ત્રી ટાટા સ્ટીલ (યુરોપ) અને ડોકોમો જેવી ખોટ કરતી કંપનીઓને બંધ કરવા માંગતા હતા, જે ટાટા ગ્રુપની નીતિઓની વિરુદ્ધ હતું. રતન ટાટાના નેતૃત્વ હેઠળના ટાટા ટ્રસ્ટોને લાગ્યું કે સાયરસ મિસ્ત્રી મુખ્ય નિર્ણયો પર તેમનાં મંતવ્યોને અવગણી રહ્યા છે. જાન્યુઆરી ૨૦૧૭ માં રતન ટાટાએ તેમના સૌથી વિશ્વસનીય નટરાજન ચંદ્રશેખરનને ટાટા સન્સના ચેરમેન તરીકે પસંદ કર્યા, કારણ કે ટાટા ગ્રુપને એવી વ્યક્તિની જરૂર હતી, જે ટાટા ગ્રુપની સંસ્કૃતિને સમજે તેવી હોય.

**ટુંધ પોઇન્ટ ▪ સંજય વોરા ▪**

ચેરમેન પદ સંભાળ્યા પછી ચંદ્રશેખરને અનેક મહત્ત્વપૂર્ણ ફેરફારો હાથ ધર્યા હતા. આમાં એર ઇન્ડિયાનું પુનરાગમન પણ સામેલ હતું. ચંદ્રશેખરનનો વાસ્તવિક પડકાર તેમના વ્યવસાયનો વિસ્તાર કરવાનો નહોતો, પરંતુ ટાટા સન્સ અને ટાટા ટ્રસ્ટ વચ્ચે સત્તા અને શાસનનું સંતુલન જાળવવાનો હતો. રતન ટાટાના મૃત્યુ પછી જ્યારે નોએલ ટાટા તેમના સ્થાને ટાટા ટ્રસ્ટના ચેરમેન બન્યા ત્યારે આ પડકાર ફરી ઊભરી આવ્યો. ચંદ્રશેખરનનો કાર્યકાળ ફેબ્રુઆરી ૨૦૨૭ માં સમાપ્ત થવાનો હતો. તેથી, ફેબ્રુઆરી ૨૦૨૬ માં તેમનો કાર્યકાળ લંબાવવા માટે ચર્ચાઓ શરૂ થઈ.

સર દોરાબજી ટાટા ટ્રસ્ટ અને સર રતન ટાટા ટ્રસ્ટે તેમનો કાર્યકાળ વધારવાની ભલામણ કરી હતી, પરંતુ ટાટા સન્સની બોર્ડ મીટિંગમાં તેમની પુન:નિયુક્તિ પર સર્વસંમતિ થઈ શકી ન હતી. ચંદ્રશેખરનાં નિવેદન મુજબ બોર્ડના એક સભ્યએ તેમના કાર્યકાળના વિસ્તરણને સમર્થન આપ્યું ન હતું. નોએલ ટાટાએ ટાટા સન્સના સંભવિત લિસ્ટિંગ સહિત અનેક મુદ્દાઓ પર સ્પષ્ટતા માંગી હતી. ચંદ્રશેખરન ખાતરી આપી શકતા નહોતા કે ટાટા સન્સ ક્યારેય સ્ટોક એક્સચેન્જમાં લિસ્ટેડ નહીં થાય. ચંદ્રશેખરનનાં રાજીનામાંનું આ એક મુખ્ય કારણ ગણાવવામાં આવી રહ્યું છે. બીજું એક પરિબળ એર ઇન્ડિયાનું નાણાંકીય પ્રદર્શન હતું. ૨૦૨૨ માં એર ઇન્ડિયાનું નિયંત્રણ મેળવ્યા પછી, તેને પુનર્જીવિત કરવા માટે રોકાણ અને પુનર્ગઠનની જરૂર હતી. એર ઇન્ડિયાના પ્રદર્શન અંગે પ્રશ્નો ઊભા થતા રહ્યા. ટાટા સન્સ અને ટાટા ટ્રસ્ટ વચ્ચે પણ મતભેદો વધ્યા હતા.

ચંદ્રશેખરનાં રાજીનામાં બાદ ટાટા સન્સ હવે નવા ચેરમેનની શોધ કરશે. તે એવી વ્યક્તિ હોવી જોઈએ, જે ટાટા ટ્રસ્ટ અને ટાટા સન્સ વચ્ચે સંતુલન જાળવી શકે. તેણે નોએલ ટાટાના વિશ્વાસ પર ખરા ઊતરવું પડશે અને ટાટા ગ્રુપના વ્યવસાયોને સંકટમાંથી બહાર કાઢવો પડશે. ટાટા સન્સના ચેરમેન પદ માટે ઉમેદવાર વ્યાવસાયિકથી લઈને પરિવારના સભ્ય હોઈ શકે છે. ચેરમેન પદ માટે નોએલ ટાટાના પુત્ર નેવિલ ટાટા અને માયા ટાટા જેવાં નામો ફરતા થઈ રહ્યાં છે, પરંતુ આગામી ચેરમેન કોણ હશે તે કહેવું હજુ વહેલું ગણાશે. જો ટાટા પરિવાર સિવાયના કોઈ અન્ય વ્યક્તિને ટાટા સન્સના ચેરમેન બનાવવામાં આવે તો શું વધુ વિવાદો ઊભા નહીં થાય?

ટાટા સન્સમાંથી એન. ચંદ્રશેખરનનાં રાજીનામાં બાદ ટાટા ટ્રસ્ટે નવા ચેરમેનની શોધ શરૂ કરી દીધી છે. આ હેતુ માટે એક સમિતિની રચના કરવામાં આવશે. ચંદ્રશેખરન ફેબ્રુઆરી ૨૦૨૭ સુધી ચેરમેન રહેશે અને તેથી નવા ચેરમેનની પસંદગીની પ્રક્રિયા તે પહેલાં પૂર્ણ કરવાની જરૂર પડશે. હાલમાં આ અંગે ઘણું સ્પષ્ટ નથી, પરંતુ તાજેતરની ઘટનાઓ વચ્ચે બધાની નજર રતન ટાટાના સાવકા ભાઈ નોએલ ટાટા પર છે. નોએલ હાલમાં ટાટા ગ્રુપની એક મહત્ત્વપૂર્ણ શાખા ટાટા ટ્રસ્ટના ચેરમેન છે, જે ટાટા ગ્રુપમાં પ્રભાવ ધરાવતું ટોચનું પદ માનવામાં આવે છે. ટાટા સન્સના ચેરમેનની પસંદગી માટે ટાટા ટ્રસ્ટ જવાબદાર હોવાથી નોએલ ટાટા પોતાનું ધાર્યું જ કરશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**ટાટા સન્સના ચેરમેન પદ માટે નોએલ ટાટાના પુત્ર નેવિલ ટાટા અને માયા ટાટા જેવાં નામો ફરતાં થઈ રહ્યાં છે, પરંતુ આગામી ચેરમેન કોણ હશે તે કહેવું હજુ વહેલું ગણાશે**


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
**ટચૂકડી**
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**વ્યવસાયીક ધંધાકીય**

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**રેમન્ડ 3 પેન્ટપીસ**
માત્ર રૂ.1500/- આલીશાન,ભવાનીવડ, હરીપુરા, સુરત.

**ઘરબેઠા રીપેરીંગ**
વોશીંગ મશીન, માઈક્રોવેવ ઓવન, ફ્રિઝ. બાલાજી કેરહોમ. Mobile- 9825859049, 7859985601

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**નોકરી વિષયક**

**નર્સિંગ સ્ટાફ**
જોઈએ છે અનુભવી/ બિનઅનુભવી નર્સિંગ સ્ટાફ જોઈએ છે. ભટારરોડ, સુરત. ટેલીફોન: 9328076609

**દુકાનમા પરચુરણ કામ**
માટે જેન્ટસ લેડીઝ સ્ટાફ જોઈએ છે રાજકમલ ઈલેક્ટ્રીક કોટ્સફીલ મેઈન રોડ એરઈન્ડીયા ઓફિસ સામે સુરત 9825583344

**ટેલીસેલ્સ ગર્લ જોઈએ**
છે* ગાર્મેન્ટ્સ કંપની માટે ટેલીસેલ્સ ગર્લની જરૂર છે. ગુજરાતી/હિન્દી સારી રીતે બોલી શકે તથા ફોન પર ગ્રાહકો સાથે વાતચીત અને ફોલોઅપ કરી શકે તેવી ઉમેદવાર જોઈએ. ફ્રેશર તથા અનુભવી બંને અરજી કરી શકે. *સરનામું:* જાપાન માર્કેટ, દિલ્હી ગેટ, સુરત *સંપર્ક:* 9725157797

**ઓપન પ્લોટ**
SMCની હદમાં જહાંગીરાબાદ D-MART થી તદ્દન નજીક,સુરત
રિઝનેબલ ભાવે સંપર્ક કરો
9825233063

**વ્યવસાયીક યાત્રા-પ્રવાસ**

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
53 વર્ષમાં પ્રવેશ, રેલ્વે દ્વારા, ચારધામ- બદ્રીનાથ, કેદારનાથ, યન્મૌત્રી, ગંગૌત્રી, હરિદ્વાર, (6 સીટ બાકી) તારીખ- 9/9, 10/10, 21/10. દિવસ- 15. દિવાળીમાં પ્રવાસો, તારીખ- 11/11/2026. (1) દક્ષિણ ભારત, શ્રીશૈલમ, હૈદ્રાબાદ, તિરૂપતિ, રામેશ્વર, કન્યાકુમારી, ઉંટી, દિવસ- 13/14 (2) દક્ષિણ ભારત કેરેલા સાથે, દિવસ- 18. (3) જગન્નાથપુરી, કામાખ્યાદેવી, દાર્જીલિંગ, ગેંગટોક, નેપાળ. દિવસ- 18/19 દિવસ-12, (4) બનારસ, અયોધ્યા, મનોકામના, નેપાળ, ગયાજી, દિવસ- 12. પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, ચા- નાસ્તો, બે ટાઈમ ભોજન, દિપકભાઈ- 9825144143, કિશનભાઈ- 9898700934.

શ્રી મણિભદ્રાય નમઃ
ભાડે/વેચાણ આપવાની છે
**મોકાની પ્રોપર્ટી**
તાડવાડી-રાંદેર રોડ
હોસ્પિટલ, જ્વેલર, ડિપાર્ટમેન્ટલ સ્ટોર, કોચીંગ ક્લાસ માટે ઉપયોગી
ટોટલ કારપેટ એરીયા 12200 સ્કે. ફીટ
બેઝમેન્ટ 2255 | પહેલો માળ 2700
ગ્રા. ફ્લોર 2520 | બીજો માળ 2700
ટીન શેડ સાથેની ટેરેસ 2025
M.75740 40255

**Joy N Joy Travels**
2014થી ભુતાન પ્રવાસનું શ્રેષ્ઠ આયોજન સાથે 3 સ્ટાર પ્રિમીયમ હોટલો/ બ્રેકફાસ્ટ- ડીનર/ જેપેનીઝ કોસ્ટર, દિવસ- 8. તારીખ- 12-11-2026.જાણીતું અનુભવી નામ:- બંકીમ મહેતા. સંપર્ક: 9429507723

**ચાલો કેરાલા**
જાણીતું અને માનીતું નામ કિંજલ શાહ આયોજીત સુવ્યવસ્થિત વિવિધ ટુર પેકેજ. (દિવાળી- કેરાલા/ કાશ્મીર/ ગોવા) (જાન્યુઆરી- કચ્છ રણોત્સવ સિવાય વારાણસી- અયોધ્યા/ સોમનાથ- દ્વારકા) વધુ જાણકારી માટે સંપર્ક. કિંજલ શાહ. JOY ENJOY TRAVELS PLANNING. અઠવાગેટ, સુરત. 9426157371

**ઉજ્જૈન, ઓમકારેશ્વર**
2 દિવસ 12 મહાદેવ 1 દિવસ 22, 26, 27 ઓગસ્ટ ગ્રુપ બુકિંગ લઈશું જયેશ ભટ્ટ 9909888622

**વાહન લે-વેચ**

**જુના બંધ હાલતમાં**
2- વ્હીલર, 4- વ્હીલર, વેચવા માટે સંપર્ક કરો- 9427178600

**મિલ્કત ભાડેથી**

**રહેઠાણ, ગોડાઉન**
લાયક જગ્યા ભાડે આપવાની છે: ગ્રા.ફ. ઉધના દરવાજા પાસે ખટોદરા કોલોની 9586264064

**દુકાન ભાડે**
પર આપવાની છે. તાડવાડી રાંદેર રોડ MO: 9374946307

**મિલ્કત વેચવાની છે**

**પ્લોટ વેચવાના છે**
૧૪૨ ચોરસ વાર(80' x 16') ના ચાર પ્લોટ. સરનામું: શગુન ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, રાજ વેફર્સની સામે, અટોદરા, તા. ઓલપાડ, સુરત. મો. 9428177122

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.